ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




"સાહેબ... તમને શુ લાગે છે ?"

"શેનું શુ લાગે છે ?"

"... અરે સાહેબ તમે લાડ કરાવો છો. રાજ્યસભાની જ વાત હોયને અત્યારે. ટોક ઓફ ધ ટાઉન શુ છે ? રાજ્યસભામાં જીતશે કોણ?

"અઘરો સવાલ છે હોં મતના આંકડા જોઈએ અને કાયદેસર ગઠબંધન જોઈએ તો અહેમદભાઈ જીતે જ. પણ આ કંઈ સીધે સીધુ પાર ઉતરે એવું લાગતુ નથી..!"

"... એટલે એટલે..?"

"ક્રોસ વોટીંગ થશે અને થશે જ..."

"કયા પક્ષમાં થશે ? કોને ફાયદો કરાવશે ?"

"અરે યાર, સીધી સાદી વાત છે. ક્રોસવોટીંગ કોંગ્રેસમાંથી થશે. કોંગ્રેસના ગઢમાંથી જ ગાબડાં પડશે. રાજ્યસભાની ચૂંટણીના બંને નીતિકારો એકબીજાને પૂરક બન્યાં છે અને કોંગ્રેસને હરાવીને જ જંપશે એવું લાગે છે. સિવાય કોંગ્રેસના નસીબ..!"

"એટલે બધું પાકે પાયે ગોઠવાયુ છે કે શુ ? એટલે બેંગ્લોરીયામાંથી ફૂટશે એવું..? તો જ તમારો ત્રીજો ઉમેદવાર જીતે અને કોંગ્રેસ હારે."

"જે થાય તે જોયા કરો સાહેબ... પણ આજનો દિવસ ગુજરાતના રાજકારણ માટે ઐતિહાસિક બની જશે. આ પાર કે તે પાર કોંગ્રેસ માટે ગાદી તકીયા કે દોરી-લોટા"

"અરે યાર આવડી મોટી પાર્ટી એક બેઠક જીતે કે ન જીતે શું ફેર પડે છે ?"

"એવું નથી સાહેબ એવું નથી. કયો પક્ષ વિધાનસભાની ચૂંટણીમાં કેટલુ જોર જમાવશે અને કેટલી જીત મેળવશે તે આજે જ ખબર પડી જશે."

"સાહેબ ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે ?"

"એ થઈ આધ્યાત્મિક વાત. રાજકારણ આજકાલ એટલી નીચી હદે પહોંચી ગયું છે કે જેની કલ્પના પણ આપણને ન હોય. જેની આંગળી પકડીને પક્ષમાં પ્રવેશ કર્યો હતો અને પક્ષે જેમને પદ અને પ્રતિષ્ઠા અપાવી એવા બળવંતસિંહ અહેમદભાઈની સામે ન હોત. ખેલ છે આ તો... કોણ ક્યારે કયુ પાત્ર ભજવશે એની ક્યાં કોઈને ખબર હોય છે..."

"... અને એટલે જ જો જીતા વો સિકંદર. ચર્ચીલે પણ કહ્યુ છે કે "In War and Politics everything is fare."





મેરેથોન બેઠકો - રાજ્યસભાની ચૂંટણીનું કાઉન્ટ-ડાઉન આરંભાયું છે ત્યારે ભાજપના ધારાસભ્યોની બેથી ત્રણ બેઠકો એક જ દિવસમાં યોજાઈ ગઈ... રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની ઉપસ્થિતિમાં યોજાયેલી વિધાનસભા પક્ષની બેઠકમાં પક્ષના અભિગમ અને મતદાનની પ્રથા અંગે વિગતવાર માહિતી અપાઈ હતી... બેઠક મહત્વની હોઈ હાજરી સો ટકાની વર્તાતી હતી...

# રાજ્યસભાની ત્રણેય બેઠકો ભાજપ જ જીતશે : રૂપાણી

## અહેમદ પટેલની પણ હાર થશે : ગુજરાતમાં પુરથી લોકો મરી રહ્યા હતા ત્યારે કોંગ્રેસી સભ્યો મોજ કરી રહ્યા હતા

અમદાવાદ, તા. ૭

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ભાજપ ગુજરાતમાં રાજ્યસભાની ત્રણે ત્રણ બેઠકો જીતી જશે. રૂપાણીએ એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના રાજકીય સચિવ એહમદ પટેલની પણ ચોક્કસપણે હાર થશે. કર્ણાટક અને ગુજરાતમાં રિસોર્ટમાં તેમના ધારાસભ્યોને રાખવાની કોંગ્રેસની યોજનાની ઝાટકણી કાઢતા રૂપાણીએ કહ્યું હતું કે, જ્યારે રાજ્યના લોકો પુર અને ભારે વરસાદના કારણે મરી રહ્યા હતા ત્યારે કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યો મોજમજા કરી રહ્યા હતા. પાર્ટીના ધારાસભ્યો કોંગ્રેસના નિયંત્રણ હેઠળ નથી. કારણ કે, હાઈકમાન્ડને તેમનામાં વિશ્વાસ નથી. ભાજપના પ્રમુખ અમિત શાહ, કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની, કોંગ્રેસ પાર્ટીના પૂર્વ દંડક બળવંતસિંહ રાજપૂત ભાજપની ટિકિટ ઉપર

● અનુસંધાન પાન-૭ પર

# પ્રથમવાર ઉમેદવારના ફોટા સાથેનું મતપત્રક ઉપયોગમાં લેવાશે

## મતદાન પંચ દ્વારા વિકસાવવામાં આવેલ પેનથી જ કરાશે : મત આપ્યા પછી પક્ષના એજન્ટને મત બતાવવાનો રહેશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી માટે પ્રથમવાર ઉમેદવારના ફોટા સાથેનું મતપત્રક તૈયાર કરવામાં આવ્યુ છે. સફેદ રંગના મતપત્રકમાં ચૂંટણીપંચ દ્વારા વિકસાવવામાં આવેલ પેનથી જ ઓપન વોટીંગ કરવામાં આવશે.

છેલ્લા ઘણા સમય બાદ રાજ્યસભાનો ચૂંટણી જંગ રાજ્યમાં ખેલાઈ રહ્યો છે. આથી આજે પંચના અધિકારીઓ દ્વારા ખાસ રિહર્સલ કરવામાં આવ્યુ હતુ.

સવારે નવ વાગે સ્વર્ણિમ સંકુલ-૨ ના સાપુતારા હોલમાં મતદાનનો આરંભ થશે. સાંજે ચાર વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા ચાલશે અને સાંજે સાડા પાંચ વાગ્યે મતગણતરી શરૂ થશે. જે એક થી બે કલાકમાં જ સંપન્ન થઈ જશે.

રાજ્યસભાની ચૂંટણીનું મતપત્રક ઉમેદવારના ફોટા સાથે તૈયાર કરવામાં આવ્યુ છે. સફેદ રંગના

● અનુસંધાન પાન-૭ પર

# નોટા કોંગ્રેસ અને ભાજપ બંને માટે પડકારરૂપ

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાનાર છે ત્યારે બંને પાર્ટીઓ માટે વોટિંગમાં નોટાનો વિકલ્પ પડકારરુપ બનેલો છે. આ મામલામાં ભાજપ દ્વારા ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી જ્યારે કોંગ્રેસ પાર્ટીએ નોટાના ઉપયોગ સામે વાંધો ઉઠાવીને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી પરંતુ કોંગ્રેસને સુપ્રીમમાં ફટકો પડ્યો હતો. કારણ કે, સુપ્રીમે તેની અરજીને ફગાવી દઈને રાજ્યસભાની ચૂંટણીમાં નોટાના વિકલ્પ ઉપર સ્ટે મુકવાનો ઈનકાર કરી દીધો હતો. જો કે, કોર્ટે આ મામલામાં વધુ સુનાવણી કરવાની તૈયારી દર્શાવી હતી. આનાથી આવતીકાલે યોજાનારી ચૂંટણી નોટાના વિકલ્પ સાથે યોજાશે. આ તીવ્ર સ્પર્ધામાં કોઈપણ ધારાસભ્ય નોટાના બટનને ન દબાવે તેની ખાતરી કરવા ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ક્રોસ વોટિંગની પણ ચિંતા બંને પાર્ટીને સતાવી રહી છે. જેથી પાર્ટીના સભ્યોના સતત સંપર્ક પણ થઈ રહ્યા છે.

# કોંગ્રેસની જીત નિશ્ચિત : એહમદ પટેલ

અમદાવાદ,તા. ૭

કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલે આજે પોતાની જીતનો વિશ્વાસ વ્યકત કર્યો હતો. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, ભાજપ કંઈપણ કરે પણ ભાજપની જીત નિશ્ચિત છે. બાપુના મુદ્દે તેમણે જણાવ્યું કે, શંકરસિંહ વાઘેલા મને જ મત આપશે , બાપુએ પહેલેથી કહેલું છે મને મત આપવાનું અને મને પૂરો વિશ્વાસ છે કે, બાપુ તેમના વચન પર કાયમ રહેશે. કોંગ્રેસના ધારાસભ્યોને મળવા આણંદના નિજાનંદ રિસોર્ટ ખાતે પહોંચેલા એહમદ પટેલે વધુમાં ભાજપ પર પ્રહાર કરતાં વધુમાં જણાવ્યું હતું કે, લોકશાહીને કલંક લગાડતું કૃત્ય ભાજપે આચર્યું છે. ધારાસભ્યો અને તેમના પરિવારોને ધાકધમકી અને કરોડોની ઓફર આપી તોડવાના હીન પ્રયાસો કર્યા છે. ભાજપે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની તેની સત્તાનો દૂરપયોગ કર્યો છે. મારા ધારાસભ્યોને હું સલામ કરું છું કે તેઓ કોંગ્રેસ પક્ષને વફાદાર રહ્યા છે. તેમણે ભાજપ પર ગંભીર આક્ષેપ કર્યો હતો કે, ભાજપ માઈનોરીટી મુકત સંસદ બનાવવા ઈચ્છે છે. ભાજપ એસસી-એસટી અનામત પણ રદ કરવા માંગે છે. રાહુલ ગાંધી પર ધાનેરામાં થયેલા હુમલાને પણ તેમણે વખોડી કાઢયો હતો અને

● અનુસંધાન પાન-૭ પર

# સે-૮ ઈન્કવાયરી કચેરી હવે આઉટ સોર્સિંગને સોંપાઈ

## સે-૮ ઇન્કવાયરીનો સ્ટાફ સે-૨૪ માં જવા તૈયાર નથી

ગાંધીનગર તા ૭

શહેરના સેકટરોમાં સરકારી આવાસોની જાળવણીનુ કામ સંભાળવા ઉપરાંત વસાહતીઓની ફરિયાદોના નિરાકરણની જવાબદારી જેના શીરે છે તેવા નગરના સુવિધા કેન્દ્રો શોભાના ગાંઠીયા સમાન બન્યા છે. સેકટરોની સ્થાનિક ઈન્કવાયરી કચેરીમાં આમ પણ માલસામાન નથી જયારે મેન પાવરનો પણ અભાવ વર્તાય છે. ત્યારે માર્ગ મકાન વિભાગ દ્વારા ઈન્કવાયરી કચેરીઓને તબક્કાવાર આઉટ સોર્સિંગથી કાર્યરત કરવામાં આવી રહી છે. સે-૧૭ બાદ હવે સે-૮ ની ઈન્કવાયરી પણ હવે ખાનગી એજન્સીને સોંપી દેવામાં આવી છે. જો કે આ ઈન્કવાયરી કચેરીના સ્ટાફને સે-૨૪ સુવિધા કેન્દ્રમાં બદલી કરી દેવાતા કર્મચારીઓ અને કારીગરો આ ઠેકાણે જવા માટે તૈયાર નથી.

દાયકાઓ પુર્વે સેકટરોની ઈન્કવાયરી કચેરી કક્ષાએથી સરકારી આવાસમાં રહેતા વસાહતીઓની મોટાભાગની ફરિયાદોનુ ત્વરિત નિરાકરણ આવી જતુ હતુ. પરંતુ છેલ્લા એક દાયકાથી સેકટરોની સ્થાનિક ઈન્કવાયરી કચેરીઓ શોભાના ગાંઠીયા સમાન બની છે. મેન પાવર તેમજ માલસામાનના અભાવ વચ્ચે સામાન્ય નાગરિકોની ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી. હવે તો નાગરિકોએ ઈન્કવાયરી કચેરીને જાણે ફરિયાદ આપવાનુ જ બંધ કરી દીધુ હોય તેટલી હદની નિરસતા પણ પ્રવર્તી છે. જયારે બીજીતરફ મેનપાવરના અભાવ વચ્ચે રોષનો ભોગ બનેલી ઈન્કવાયરી કચેરઓને વિભાગ દ્વારા તબક્કાવાર આઉટ સોર્સિંગથી કાર્યરત કરવામાં આવી રહી છે. થોડા સમય અગાઉ સે-૧૭ ની ઈન્કવાયરી કચેરીને ખાનગી એજન્સીને સોંપવામાં આવી હતી. જયારે હવે સે-૮ ની ઈન્કવાયરી પણ હવે આઉટ સોર્સિંગથી કાર્યરત થશે. સે-૮ ઈન્કવાયરી કચેરીના સ્ટાફની પણ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સ્વાઈન ફ્લુનો વધુ એક કેસ નોંધાયો

## જુલાઈ-ઓગષ્ટમાં જ મોટાભાગના કેસો મળી આવ્યા હોવાનું જણાયું : માણસાની શંકાસ્પદ સ્વાઈન ફ્લુના દર્દીનું મોત

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ એક સ્વાઈન ફ્લુનો કેસ નોંધાતાં જિલ્લામાં નોંધાયેલ દર્દીઓની સંખ્યા ૨૧ પર પહોંચી છે.

આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં માણસાના ઈટાદરાની યુવતીનું શંકાસ્પદ સ્વાઈન ફ્લુથી મોત નીપજ્યુ છે. આ દર્દીને સ્વાઈન ફ્લુના લક્ષણો જણાતા હતા અને તેના નમુના મેળવી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. તેમજ સારવાર પણ ચાલુ કરી દેવાઈ હતી પરંતુ સારવાર દરમ્યાન જ તેણીનીનું મૃત્યુ થયુ છે. હજુ સુધી સિવિલ સત્તાવાળાઓને તેના મોકલેલા પરીક્ષણ માટેના રિપોર્ટ પ્રાપ્ત થયા નથી.

બીજી તરફ ગાંધીનગર તાલુકાના શેરથા ગામેથી સ્વાઈન ફ્લુનો એક પોઝીટીવ કેસ મળી આવેલ છે. ૨૬ વર્ષીય યુવતીને સ્વાઈન ફ્લુ આજે અમદાવાદ સિવિલહોસ્પિટલમાં હોવાનું તંત્રને જાણવા મળેલ છે. હાલ આ દર્દીની સ્થિતિ સારી હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આમ ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુથી ૮ના મોત તથા એક શંકાસ્પદ દર્દીનું મોત નોંધાયુ છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુના ૨૧ કેસ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં પાંચ દર્દી સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. કલોલમાં ૯ કેસ નોંધાયા છે. આ ઉપરાંત ગાંધીનગરમાં ૭, માણસામાં ૩ અને દહેગામમાં પણ ૨ કેસ નોંધાયા છે. કલોલ, માણસામાં ૩-૩ દર્દીના મોત થયા છે. દહેગામમાં બે દર્દીના મોત થયા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં જુલાઈમાં ૯ અને ઓગષ્ટમાં અત્યાર સુધીમાં ૮ કેસ નોંધાયા છે.

# પાટનગરમાં સ્ટ્રીટલાઈટની સેવા ખાડે છેવાડાના ગામથી પણ બદતર હાલત

## સેકટરો સાંજ ઢળતા જ અંધારાની ગિરફતમાં સેકટરોની શેરીઓ અંધારપટ્ટમાં ગરકાવ : મહીલાઓમાં ભય : તસ્કરો ગમે ત્યારે હાથફેરો કરે તેવી દહેશત

ગાંધીનગર તા ૭

શહેરમાં છેલ્લા એક મહીનાથી સ્ટ્રીટલાઈટો ડુલ રહેતા સેકટરોમાં અંધારપટ્ટ છવાયેલો જોવા મળી રહયો છે. સેકટરોમા સ્ટ્રીટ લાઈટની ફરિયાદો નિવારવા માટે ૧૦ ટીમો કામે લાગી હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહયો છે. પરંતુ સેકટરોમાં હજુ પણ સકેટરોમાં અંધારપટ્ટ છવાયેલો જોવા મળી રહયો છે. સે- ૩ ન્યુ સહીત સેકટરમાં મોટાભાગના વિસ્તારમાં સાંજ ઢળતા જ ઘનઘોર અંધારુ છવાઈ જાય છે. સ્થાનિક રહીશોમાં ભયની લાગણી વ્યાપી છે. મહીલાઓ રાત્રિના સમયે બહાર નિકળવાનુ પસંદ કરતી નથી. આ મામલે અનેકવાર રજુઆત કરવા છતા તંત્ર દ્વારા કોઈ પગલા લેવાતા નથી.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી સ્ટ્રીટ લાઈટો ડુલ જોવા મળે છે. સેકટરોના આંતરિક માર્ગો ઉપરાંત મુખ્ય માર્ગોની સ્ટ્રીટ લાઈટો પણ ગમે ત્યારે ડુલ થઈ જાય છે. શહેરના ગ માર્ગ પર લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટો ડુલ છે. એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બન્યા બાદ સેકટરોમાં મોટાભાગે લબુક ઝબુક થતી સ્ટ્રીટ લાઈટો અજવાળુ પાથરતી ન હોવાથી નાગરિકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સેકટરોમાં લાંબા સમયથી મુન લાઈટ ફીવર છવાયેલો જોવા મળે છે. ખાસ કરીને નવા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની વિશેષ ફરિયાદો ઉઠવા પામી છે. સે-૩ ન્યુ માં સ્ટ્રીટ લાઈટના ચાલુ થાંભલા હોય તેની સંખ્યા આંગળીના વેઢે ગણાય તેટલી જ છે. આવા સંજોગોમાં સાંજ ઢળતા જ આખુ સેકટર અંધારાની આહોશમાં સપડાય છે. સેકટરમાં ઘનઘોર અંધારા વચ્ચે સ્થાનિક નાગરિકોને બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. મહીલાઓ અને બાળકોમાં ભયની લાગણી વ્યાપી છે. બીજીતરફ તસ્કરો સક્રીય થાય તેવી પણ દહેશત

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર સાદરા રૂટની બસ એક મહીનાથી અનિયમિત

ગાંધીનગર તા ૭

સાદરા ગાંધીનગરની બસ છેલ્લા એક મહીનાથી અનિયમિત હોવાથી સ્થાનિક ગ્રામજનો તેમજ વિદ્યાર્થીઓને પારવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ગાંધીનગર ડેપો કક્ષાએથી આસપાસના ગામોમાં બસ સેવાના નામે મીંડુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જિલ્લામાં માંડ ગણ્યા ગાંઠ્યા રૂટમાં બસ સેવા ઉપલબ્ધ છે. ત્યારે વરસાદી દિવસોમાં ગ્રામજનોને નિયમિત રીતે બસ ન મળતા વિદ્યાર્થીઓના અભ્યાસ પર માંઠી અસર વર્તાઈ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં સીટી બસ સેવા પણ ખોરવાઈ છે. જેના લીધે આસપાસના ગામોમાંથી ગાંધીનગર આવતા મુસાફરો માટે મુંઝવણ રૂપ સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક ગ્રામજનોને નિયમિત અને સમયસર બસ સેવા ન મળતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ગાંધીનગર જિલ્લાના ગામોમાં સલામત સવારીના નામે મીંડુ હોવાનો રોષ ઉઠવા પામ્યો છે. એકતરફ ગાંધીનગરથી પોલિટેકનિક રૂટમાં પણ સમયસર બસ ન મળતા વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

IDBI trustee

IDBI Trusteeship Services Ltd

Regd. Off.: Asian Building, Ground Floor, 17, R. Kamani Marg, Ballard Estate, Mumbai - 400 001.

Annexure A

M/s CARE has revised its rating on the bond issuances of Gujarat Petroleum Corporation Ltd as follows:

| Scrip Code | ISIN | Present Rating | Previous Rating |
|---|---|---|---|
| GSPC20 | INE065L08017 | CARE BBB+ Stable | CARE A+ [Single A Plus] (Credit Watch) |
| GSPC22 | INE065L08025 | CARE BBB+ Stable | CARE A+ [Single A Plus] (Credit Watch) |
| GSPC28 | INE065L08041 | CARE BBB+ Stable | CARE A+ [Single A Plus] (Credit Watch) |
| GSPC72 | INE065L08033 | CARE BBB Stable | CARE A [Single A] (Credit Watch) |
| GSPC73 | INE065L08058 | CARE BBB Stable | CARE A [Single A] (Credit Watch) |

Sd/
IDBI Trusteeship Services Limited

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com